# ભરૂચની મજુર અદાલત નં. ૧ ના પ્રમુખ અધિકારીશ્રી એન.એ.ઈજનેર સમક્ષ.

રેફરન્સ (એલ.સી.બી.) નં. **૩૫/૨૦૧૯**

**<u>પ્રમથ પક્ષકાર</u> :** મેનેજરશ્રી,
સ્ટરલીંગ ઓકઝીલરીઝ પ્રા.લી.
જી.આઈ.ડી.સી. દહેજ, તા. વાગરા, જી. ભરૂચ.

વિરૂઘ્ઘ

**<u>બીજા પક્ષકાર</u> :** મયંકભાઈ આનંદભાઈ પટેલ
રહે. મુ. ટીંબી, પો. કોલીયાદ, તા. કરજણ, જી. વડોદરા.

<u>હાજર રહયાં</u> : પ્રથમ પક્ષકાર તરફે વિ.વકીલશ્રી ડી.જે.જોષી.
બીજા પક્ષકાર તરફે વિ.પ્રતિનિધિશ્રી ડી.એસ.જોગ.

## <u>બીજા પક્ષકાર તરફેની આંક–૧૧ વાળી ખાતાકીય તપાસની કાયદેસરતા બાબતેની અરજી હેઠળ હુકમ</u>

(૧) સદર રેફરન્સ અત્રેની નામ. અદાલત સમક્ષ આવતા સદર કામના પ્રથમ પક્ષકાર તથા બીજા પક્ષકારને આંક–ર થી તા. ૦૮/૦૫/૨૦૧૯ ના રોજ આર.પી.એ.ડી. થી નોટીસ કરવામાં આવેલ. જે નોટીસ પ્રથમ પક્ષકારને મળી ગયેલ હોવાનું અત્રે રજુ આંક–૩ ની એ.ડી. સ્લીપ આધારે જણાય છે તથા બીજા પક્ષકારને તા. ૧૫/૦૫/૨૦૧૯ ના રોજ હાથોહાથ મળેલ હોવાનું તેઓના પ્રતિનિધિની સહી તથા શેરા આધારે જણાય છે.

(૨) સદર કામના બીજા પક્ષકારને નોટીસ બજવણી થતા તેઓ તરફે આંક–૪ થી તેમનું માંગણાનું નિવેદન રજુ કરવામાં આવેલ છે તથા આંક–૫ થી બીજા પક્ષકાર તરફેના પ્રતિનિધિનું અધિકારપત્ર રજુ કરવામાં આવેલ છે.

પ્રથમ પક્ષકારને નોટીસની બજવણી થયેલ હોવા છતાં તેઓ તરફે કોઈ હાજર રહેલ નથી કે કોઈ જવાબ રજુ કરેલ નથી. તેથી બીજા પક્ષકાર તરફે આંક–૬ થી પ્રથમ પક્ષકારનો જવાબ રજુ કરવાનો હકક બંધ કરવા તા. ૧૬/૦૭/૨૦૧૯ ના રોજ અરજી

આપતા તે અરજી અનુસંધાને મારા પુરોગામીશ્રી દ્વારા પ્રથમ પક્ષકારનો જવાબ રજુ કરવાનો હકક બંધ કરવાનો હુકમ કરવામાં આવેલ.

(૩) સદર કામના પ્રથમ પક્ષકારને નોટીસની બજવણી થતા તેઓ તરફેના વકીલશ્રીએ હાજર રહી આંક–૭ થી તેઓનું વકીલાતનામું રજુ કરેલ છે. ત્યારબાદ પ્રથમ પક્ષકાર તરફે આંક–૮ થી તેમનો જવાબનો હકક રીઓપન કરવા તા. ૦૪/૧૦/૨૦૧૯ ના રોજ અરજી આપતા તે અરજી અનુસંધાને મારા પુરોગામીશ્રી દ્વારા પ્રથમ પક્ષકારનો જવાબનો હકક ઓપન કરવાનો હુકમ કરવામાં આવેલ. સદર હુકમ આધારે પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે આંક–૯ થી તેમનો લેખિત જવાબ રજુ કરવામાં આવેલ છે.

(૪) બીજા પક્ષકાર તરફે આંક–૧૧ થી ખાતાકીય તપાસની કાયદેસરતા મુદ્દે પ્રાથમિક મુદ્દાની અરજી રજુ કરી તેમાં તેઓએ જણાવેલ છે કે, સદરહુ રેફરન્સ કેસમાં સામાવાળાએ ઈન્કવાયરી કરી તપાસ અહેવાલના આધારે તા. ૩૧/૦૧/૨૦૧૯ ના રોજના પત્રથી બરતરફીનો હુકમ કરેલ છે. સામાવાળાએ ખાતાકીય તપાસ એકતરફી અને કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધ કરેલ હોય ખાતાકીય તપાસના કાયદેસરતાનો મુદ્દો સૌપ્રથમ ન્યાયનિર્ણય કરવાની જરૂરીયાત હોવાથી ખાતાકીય તપાસની કાયદેસરતા મુદ્દે હાલની અરજીમાં સામાવાળાએ કરેલ ખાતાકીય તપાસ કાયદેસર છે કે કેમ ? તથા સામાવાળાએ કરેલ ખાતાકીય તપાસ કુદરતી ન્યાયના સિધ્ધાંત મુજબ છે કે કેમ ? તે પ્રાથમિક મુદ્દાઓ ઉપસ્થિત કરવા અરજ કરેલ છે. જે અરજી મારા પુરોગામીશ્રી દ્વારા સુનાવણી માટે રાખવામાં આવેલ.

આ કામના બીજા પક્ષકાર તરફે આંક–૧૨ થી ખાતાકીય તપાસના મુદ્દે એફીડેવીટ ઉપર સરતપાસ રજુ કરવામાં આવેલ છે. ત્યારબાદ પ્રથમ પક્ષકાર તરફે બીજા પક્ષકારની ઉલટ તપાસ માટે કોઈ હાજર ન રહેતા બીજા પક્ષકાર તરફે આંક–૧૩ થી પ્રથમ પક્ષકારનો ઉલટ તપાસનો હકક બંધ કરવા તા. ૧૯/૦૭/૨૧ ના રોજ અરજ કરતા તે અરજી અનુસંધાને મારા પુરોગામીશ્રી દ્વારા સદર અરજી સુનાવણી માટે રાખવામાં આવેલ. ત્યારબાદ પ્રથમ પક્ષકાર તરફેના વકીલશ્રી દ્વારા તા. ૦૯/૦૮/૨૦૨૧ ના રોજ બીજા

પક્ષકારની ઉલટ તપાસ કરવામાં આવેલ છે. ત્યારબાદ બીજા પક્ષકાર તરફે આંક–૧૪ થી ખાતાકીય તપાસના મુદ્દે વધુ પુરાવા રજુ કરવા માંગતા નથી તે મુજબની પુરાવો પુરો થયાની પુરસીસ તા. ૦૯/૦૮/૨૦૨૧ ના રોજ રજુ કરવામાં આવેલ છે.

(૫) પ્રથમ પક્ષકાર તરફે આંક–૧૫ થી તપાસ અધિકારીશ્રી નિલાંજભાઈ અરૂણભાઈ દેસાઈ, બી–૨૫, સ્મૃતિકુંજ સોસાયટી, જલાપોર રોડ, નવસારીના સરનામે સાહેદ સમન્સ કાઢવાનો જે ખર્ચ થશે જે ભાડુભથ્થુ થશે તે ચુકવવા તૈયાર હોવાનું જણાવી સાહેદ સમન્સ કાઢવાનો હુકમ કરવા તા. ૦૩/૦૩/૨૦૨૨ ના રોજ અરજ કરતા બીજા પક્ષકાર તરફેના પ્રતિનિધિશ્રી ઘ્વારા ''કેસ લંબાવવા માટે ખોટી અરજી કરી નામ. કોર્ટનો સમય બગાડવા માટેની અરજી છે.'' તેવો વાંધો લઈ અરજી નામંજુર કરવા વિનંતી કરવામાં આવેલ. તે શેરાને ઘ્યાને લઈ મારા પુરોગામીશ્રી ઘ્વારા સદર કામના સાહેદને સમન્સ કાઢવાનો હુકમ કરવામાં આવતા આંક–૧૬ થી સાહેદને સાક્ષી સમન્સ કરેલો, જે આંક–૧૭ થી તા. ૦૩/૦૩/૨૦૨૨ ના રોજ પ્રથમ પક્ષકાર તરફેના સાહેદને આર.પી.એ.ડી. થી સાક્ષી સમન્સ બજી ગયેલ છે.

ત્યારબાદ સદર કામના પ્રથમ પક્ષકાર તરફે આંક–૬૨ થી સદર કેસના રેકર્ડમાં રેફરન્સ કેસ નં. ૩૫/૧૯ તથા રેફરન્સ કેસ નં. ૩૬/૧૯ ના દસ્તાવેજો શરતચૂકથી એકબીજામાં મુકેલ હોવાથી તેને બદલવા પરવાનગી આપવાનો હુકમ કરવા તા. ૩૦/૦૫/૨૦૨૩ ના રોજ અરજ કરતા તે અરજી સુનાવણી માટે રાખવામાં આવેલ.

સદર કામના બીજા પક્ષકાર તરફે આંક–૬૩ થી સદર કેસના રેકર્ડમાં રેફરન્સ કેસ નં. ૩૫/૧૯ તથા રેફરન્સ કેસ નં. ૩૬/૧૯ ના દસ્તાવેજો શરતચૂકથી એકબીજામાં મુકાઈ ગયેલ હોવાથી તે કામોમાં પડેલા આંકોમાં સુધારા વધારા કરવા તથા જેતે દસ્તાવેજો મુળ કામમાં મુકવામાં આવે અને તે મુજબના આંકમાં સુધારા કરવામાં આવે તો પક્ષકારોને વાંધો નથી અને રજુ દસ્તાવેજો જેતે ફાઈલમાં મુકવા તા. ૦૮/૦૬/૨૦૨૩ ના રોજ અરજ કરતા તે અરજી અનુસંધાને બંને પક્ષકારોને સાંભળી તથા બંને પક્ષની અરજીઓ ઘ્યાને લઈ જરૂરી આંકમાં સુધારા વધારા બંનેની સંમતિથી કરવા

અને જેતે ફાઈલમાં દસ્તાવેજો વિગેરે મુકવાની કાર્યવાહી કરવાનો તા. ૨૭/૦૬/૨૦૨૩ ના રોજ હુકમ કરવામાં આવેલ.

(૬) આ કામે બીજા પક્ષકાર તથા પ્રથમ પક્ષકાર તરફે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

**બીજા પક્ષકાર તરફે :–**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | બીજા પક્ષકાર શ્રી મયંકભાઈ આનંદભાઈ પટેલની ખાતાકીય તપાસના મુદ્દે એફીડેવીટ ઉપર સરતપાસ રજુ કરવામાં આવેલ છે (જેની પ્રથમ પક્ષકાર તરફેના વકીલશ્રી ધ્વારા ઉલટ તપાસ કરવામાં આવેલ છે.) | ૧૨ |
| ૨ | ખાતાકીય તપાસના મુદ્દે બીજા પક્ષકારની કલોઝીંગ પુરસીસ. | ૧૪ |
| ૩ | નામ. સુપ્રિમ કોર્ટ ઓફ ઈન્ડીયાના ચુકાદાની નકલ (તા.૧૫/૧૧/૨૦૨૨). | ૫૯/૧ |

**પ્રથમ પક્ષકાર તરફે :–**

સદર કામના પ્રથમ પક્ષકાર તરફે આંક–૧૦ થી માર્ક–૧૦/૧ થી માર્ક–૧૦/૩૮ સુધી રજુ કરવામાં આવેલ દસ્તાવેજોને પાકો આંક આપવા અરજ કરતા બીજા પક્ષકારના પ્રતિનિધિશ્રીને રજુ દસ્તાવેજોને આંકે પાડવા સામે વાંધો ન હોવાથી મારા પુરોગામીશ્રી ધ્વારા રજુ દસ્તાવેજોને પાકા આંક આપવાનો તા. ૦૨/૦૮/૨૦૨૧ ના રોજ હુકમ કરવામાં આવતા માર્ક–૧૦/૧ થી માર્ક–૧૦/૩૮ સુધીના દસ્તાવેજોને પાકા આંક–૧૮ થી આંક–૫૫ આપવામાં આવેલ છે. જે અનુક્રમે તપાસ અધિકારીની નિમણુંકનો પત્ર, ખાતાકીય તપાસની લેખિત સુચના, રજી.એ.ડી. કર્યાની રસીદ, સંસ્થા તરફે પ્રતિનિધિની નિમણુંકનો પત્ર. લેખાકાર નિમણુંક બાબતનો પત્ર, ચાર્જશીટ, ચાર્જશીટ મોકલ્યાની રજી.એ.ડી. ની રસીદ, કામદારે આપેલ ચાર્જશીટનો ખુલાસો, પેન્ડીંગ ઈન્કવાયરી સસ્પેન્શન હુકમ, સંબંધીત કામદારનો પત્ર, ખાતાકીય તપાસના અસલ પ્રોસીડીંગ્સ, ખાતાકીય તપાસની ફેરબદલનો પત્ર, જે પત્ર રજી.પો. કર્યાની રસીદ, રજી.પો.એ.ડી., સંબંધીત કામદારની અરજી તથા હુકમ, સંસ્થા તરફે એલાઉન્સ ચુકવ્યા

બાબતનો પત્ર, સંબંધીત કામદારની અરજી તથા તપાસ અધિકારીનો હુકમ, પ્રવિણ ચાવડાએ સંસ્થાને આપેલ કબુલાત, ટાઇમ ઈન તથા ટાઈમ આઉટ પરફોર્મન્સની નકલ, શીફ્ટ શીડયુલની નકલ, સંસ્થામાં કોને ગેરકાયદેસર હડતાલના ફોટોગ્રાફસ, સંસ્થાના કામદારો ધ્વારા ગેરકાયદેસર હડતાલ સંબંધે સંસ્થાને આપેલ પત્રો, સંસ્થાની નોટીસની ઓફીસ કોપી, સંબંધીત કામદારની અરજી, સંબંધીત કામદારનો ગેટપાસ, સંસ્થા તરફે કલોઝીંગ પુરસીસ, સંસ્થા તરફે રજુઆત અધિકારીની અરજી, સંસ્થા તરફે સંબંધતી કામદારને પાઠવેલ પત્રો, સદર પત્રો રજી.પો. કર્યાની રસીદ, તપાસ અધિકારીશ્રી નિલોજભાઈ દેસાઈનો તપાસ અહેવાલ, સંસ્થા તરફે બીજી કારણદર્શક નોટીસ, બીજા પક્ષકારનો બીજી કારણદર્શક નોટીસનો જવાબ, સંસ્થાનો બીજા પક્ષકારને આપેલ બરતરફ યાને ડીસમીસલનો હુકમ, બીજા પક્ષકારને રજી.પો. થી મોકલ્યાની રસીદ, સંસ્થાનો ફુલ એન્ડ ફાઈનલ અને બીજા પક્ષકારે સ્વીકાર્યાના ડોકયુમેન્ટ છે. જે દસ્તાવેજો ખાતાકીય તપાસ માર્ક–૧૦/૧ થી માર્ક–૧૦/૩૮ (પાકા આંક ૧૮ થી ૫૫) રજુ કરેલ છે.

**બીજા પક્ષકાર તરફે :–**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | પ્રથમ પક્ષકાર તરફે શ્રી નિલોજભાઈ અરૂણભાઈ દેસાઈની ખાતાકીય તપાસના મુદ્દે સરતપાસ કરવામાં આવેલ છે (જેની બીજા પક્ષકાર તરફેના વિ.પ્રતિનિધિશ્રી ધ્વારા ઉલટ તપાસ કરવામાં આવેલ છે.) | ૫૬ |
| ૨ | ખાતાકીય તપાસના મુદ્દે પ્રથમ પક્ષકારની કલોઝીંગ પુરસીસ. | ૫૮ |
| ૩ | દલીલના સમર્થનમાં ઉચ્ચ અદાલતના ચુકાદાઓની નકલ . | ૬૦ |

(૭) આ કામે બીજા પક્ષકારના વિ.પ્રતિનિધિશ્રીએ મારી સમક્ષ ખાતાકીય તપાસની કાયદેસરતા બાબતે મૌખિક દલીલ કરેલ છે તથા આંક–૬૦ થી પ્રથમ પક્ષકાર ધ્વારા લેખિત દલીલ રજુ છે.

(૮) આમ, ઉપરોકત તમામ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓને અંતે અત્રેની અદાલતે હાલની આંક–૧૧ ની અરજીના ન્યાય નિર્ણય અર્થે નીચે મુજબના પ્રાથમિક મુદ્દા અંગે મુલ્યાંકન કરવાનુ છે.

## –: પ્રાથમિક મુદ્દા :–

(૧) શું બીજા પક્ષકાર પુરવાર કરે છે કે, તેઓની સામે કરવામાં આવેલ પ્રથમ પક્ષકાર ધ્વારા ખાતાકીય તપાસ કાયદેસર છે કે કેમ ?

(૨) પ્રથમ પક્ષકારે કરેલ ખાતાકીય તપાસ કુદરતી ન્યાયના સિધ્ધાંત મુજબ છે કે કેમ ?

(૩) શું હુકમ ?

## –: નિર્ણય :–

(૧) નકારમાં.

(૨) નકારમાં.

(૩) આખરી હુકમ મુજબ.

**(૯)** ઉપરોકત મુદ્દાઓના મારા ન્યાયિક નિર્ણય માટેના કારણો નીચે મુજબ છે.

## –: કારણો :–

**(૧૦)** આ કામના મુદ્દા નં. ૧ તથા ૨ એકબીજાને સંલગ્ન હોઈ જેથી બંને મુદ્દાની ચર્ચા એકસાથે કરવી ન્યાયી અને વ્યાજબી જણાય છે.

આ કામે આંક–૧૦ ના દસ્તાવેજી લિસ્ટથી ખાતાકીય તપાસના દસ્તાવેજો રજુ થયેલ છે. જેમાં આંક–૫૦ ના તપાસ અધિકારીના અહેવાલમાં જણાવ્યા મુજબ તા. ૧૭/૧૧/૨૦૧૮ ના રોજ સંસ્થા તરફે ૩ સાહેદો અનુક્રમે સંજય દિનકરરાવ ચૌબલ, સંભાસ શ્યામકાંત ચંદાત્રે, પ્રવિણસિંહ રામસિંહ ચાવડા હાજર રહેલ અને તેજ દિવસે બીજા પક્ષકારને ઉલટ તપાસ કરવા જણાવેલ, પરંતુ બીજા પક્ષકાર ઉલટ તપાસ કરી શકતા નથી એવું જણાવતા ઉપરોકત સાક્ષીઓની જુબાની નોંધી ઉલટ તપાસ કરવા બીજા પક્ષકારને તક આપ્યા વગર ઉલટ તપાસનો હકક બંધ કરેલો હતો. બીજા પક્ષકારને સાક્ષી પુરાવા રજુ કરવા કોઈ તક આપેલ નથી તેમજ તા. ૧૭/૧૧/૨૦૧૮ ના રોજ સંસ્થા તરફે રજુઆત અધિકારીશ્રી અવની પંચાલની મૌખિક દલીલો સાંભળી. બીજા પક્ષકારને દલીલ માટે પણ મુદત આપવામાં આવેલ નથી. બીજા પક્ષકારે ઉલટ તપાસ

તથા દલીલ માટે મુદતની માંગણી કરેલી, પરંતુ બીજા પક્ષકારને બચાવના સાક્ષી રજુ કરવા કે દલીલ કરવા તક આપ્યા વગર ખાતાકીય તપાસ સમાપ્ત જાહેર કરેલ હતી અને સંસ્થાએ ખાતાકીય તપાસની કાર્યવાહીએકજ દિવસમાં પુર્ણ કરી હતી.

**(૧૧)** આમ, સમગ્ર કેસની હકીકત, રેકર્ડ, લેખિત તથા મૌખિક પુરાવાઓ, ઉલટ તપાસ વિગેરે ધ્યાને લેતા એ હકીકત પુરવાર થાય છે કે, સમગ્ર ખાતાકીય તપાસ એકજ દિવસમાં પુર્ણ કરેલ છે અને બીજા પક્ષકારને બીજી કારણદર્શક નોટીસ આપી બીજા પક્ષકારના બીજી કારણદર્શક નોટીસના જવાબને ધ્યાને લીધા વગર કંપનીની નોકરીમાંથી બરતરફ (ડીસમીસલ) નો હુકમ કરી છુટા કરી દીધેલ છે. જેથી ખાતાકીય તપાસ ગેરકાયદેસર, ગેરવ્યાજબી, કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધની અને એકતરફી જણાતી હોય મુદ્દા નં. ૧ અને ૨ નો જવાબ નકારમાં આપવામાં આવે છે તથા મુદ્દા નં. ૩ અન્વયે ઉપર ચર્ચા કર્યા મુજબ આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

## –: હુકમ :–

(૧) બીજા પક્ષકાર મયંકભાઈ આનંદભાઈ પટેલ સામે પ્રથમ પક્ષકાર ધ્વારા કરવામાં આવેલ ખાતાકીય તપાસ ગેરકાયદેસર, ગેરવ્યાજબી, કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધની હોવાનું ઠરાવવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

(૩) હુકમ આજરોજ ૧૦/૦૫/૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.
સદર કામની હવે પછીની મુદત તા. ૨૧/૦૬/૨૦૨૪ ના રોજ રાખવામાં આવે છે.

તારીખ : ૧૦/૦૫/૨૦૨૪
સ્થળ : ભરૂચ

**(નિલેશ અશોકભાઈ ઈજનેર)**
**જી.જે.૦૦૪૮૪**
**પ્રમુખ અધિકારી**
**મજુર અદાલત નં. ૧, ભરૂચ.**

કે.આઈ.નીમકવાલા – ક.ક.ટા.